Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર સાપ્તાહિક

PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 25 • Issue : 07 • Dt. 10-11-2025 • Monday • Rs.5-00 • • Page-4







### પકડાયેલા આરોપીઓમાંથી એક MBBS ડૉક્ટર છે

# ATS એ દેશભરમાં પોઈઝન એટેક કરવાના ષડયંત્રનો પર્દાફાશ કર્યો



અમદાવાદ

ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) એ અમદાવાદમાંથી આતંકી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ત્રણ શખ્સોની ધરપકડ કરીને દેશભરમાં પોઈઝન એટેક (ઝેર દ્વારા હુમલો) કરવાના મોટા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. પકડાયેલા આરોપીઓમાંથી એક MBBS ડૉક્ટર છે, જે ઝેરી કેમિકલમાંથી અત્યંત ઘાતક ઝેર બનાવવાની ફિરાકમાં હતો.

ઝડપાયેલો મુખ્ય આરોપી હૈદરાબાદનો રહેવાસી ડો. અહમદ સૈયદ ઝીલાની (અબુ ખદીજા) છે. તે ચાઈનાથી MBBSની ડિગ્રી મેળવનાર ડોક્ટર છે. ઝીલાની ૬ તારીખે હૈદરાબાદથી અમદાવાદ આવ્યો હતો અને તેની ધરપકડ અડાલજ ટોલનાકા પાસેથી કરવામાં આવી હતી. ઝીલાની પર રાયઝિન (Ricin) નામનું જીવલેણ ઝેર બનાવવાની પ્રક્રિયા શરૂ કરવાનો અને મોટા આતંકી હુમલાઓ કરવાની ફિરાકમાં હોવાની આશંકા છે.

આ ઝેર ખૂબ ઓછી માત્રામાં પણ મોટી સંખ્યામાં લોકોને મારવાની ક્ષમતા ધરાવે છે. સામાન્ય રીતે આ ઝેર પાવડર સ્વરૂપે હોય છે અને તેને પાણી, હવા અથવા ઈન્જેક્શન દ્વારા આપી શકાય છે. ધરપકડ પહેલા ડોક્ટર આતંકી અમદાવાદમાં લાલદરવાજા ઉતરીને લકી હોટલ સામે રોકાયો હતો.

ઉત્તર પ્રદેશના મોહમ્મદ સુહેલ અને આઝાદ સુલેમાન શેખ (આઝાદ સૈફી)ની બનાસકાંઠાથી ધરપકડ કરવામાં આવી છે. સુહેલ અને આઝાદ ઉત્તર પ્રદેશથી ૩ વેપન, ૩૦ કારતૂસ અને જીવલેણ કેમિકલ પ્રવાહી લાવ્યા હતા.આ બંને શખ્સોએ આ હથિયારો કલોલ ખાતે એક અવાવરુ જગ્યાએ છુપાવ્યા હતા, જે બાદમાં હૈદરાબાદના ડોક્ટર આતંકી ઝીલાનીએ રીસીવ કર્યા હતા. આ હથિયારો રાજસ્થાનના સરહદી જિલ્લાઓમાંથી મેળવવામાં આવ્યા હતા, અને પાકિસ્તાનથી ડ્રોન મારફતે મોકલાયા હોવાની આશંકા છે. પકડાયેલા આરોપીઓનો ઝુકાવ ISKP (Islamic State – Khorasan Province) નામના આતંકી સંગઠન તરફ જોવા મળે છે. અહમદ મોહિઉદ્દીન ઝીલાનીએ છેલ્લા એક વર્ષથી દિલ્હી, મુંબઈ અને લખનૌની રેકી કરી હોવાના પુરાવા મળ્યા છે. અન્ય બે શકમંદોએ પણ સંવેદનશીલ સ્થળોની રેકી કરી હતી. આ આતંકીઓનો ઈરાદો ભારતમાં મોટી સંખ્યામાં લોકોને નુકસાન પહોંચાડવાનો હતો અને મોટા આતંકી હુમલા કરવાની ફિરાકમાં હતો. ભારતમાં પહેલી વખત પોઈઝન એટેક કરવાનું આ કાવતરું હતું. અમદાવાદ, દિલ્હી, મુંબઈ, લખનૌ અને જમ્મુ કાશ્મીરના સંવેદનશીલ વિસ્તારો તેમની રેકી અને હુમલાના નિશાના પર હતા. ઝીલાની ઘણા વિદેશી લોકોના સંપર્કમાં હતો. હથિયારો છુપાવ્યાનું લોકેશન પણ આરોપીઓએ તેમના વિદેશી હેન્ડલરને મોકલ્યું હતું, જે અબુ ખદીજા નામના શખ્સ હોવાની અને તે પાકિસ્તાન અથવા અફઘાનિસ્તાનથી ઓપરેટ કરતો હોવાની આશંકા છે. હાલમાં, ગુજરાત છ્જી દ્વારા આ સમગ્ર આતંકી મોડ્યુલના સ્થાનિક જોડાણો અને વધુ વિગતો જાણવા માટે સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે.

### 'યાત્રી એવં વરિષ્ઠ સેવા સદન' પ્રોજેક્ટની જાહેરાત કરી

# ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ નાથદ્વારામાં શ્રીનાથજી દર્શન કર્યા



નાથદ્વારા

પવિત્ર નગરી નાથદ્વારામાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ શ્રીનાથજી ભગવાનના ભોગ આરતી દર્શનનો દિવ્ય લાભ લીધો હતો અને ગુરુ શ્રી વિશાલબાવા સાહેબના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ અવસરે તેમણે નાથદ્વારામાં આધુનિક અને સુવિધાસંપન્ન ''યાત્રી એવં વરિષ્ઠ સેવા સદન''ના નિર્માણની જાહેરાત કરી હતી અને શ્રીનાથદ્વારા મંદિરને રૂ.૧૫ કરોડનું દાન આપ્યું હતું.

આ નવા તૈયાર થનારા ''યાત્રી એવં વરિષ્ઠ સેવા સદન''માં ૧૦૦થી વધુ રૂમ હશે. જે વૃદ્ધ વૈષ્ણવો અને આગંતુક ભક્તોને સુરક્ષિત, આરામદાયક અને ગરિમાપૂર્ણ નિવાસની સુવિધા પૂરી પાડશે. તેમાં ૨૪ કલાક કાર્યરત મેડિકલ યુનિટ, નર્સિંગ અને ફિઝિયોથેરાપી સેવાઓ, સત્સંગ અને પ્રવચન હોલ, તેમજ પુષ્ટિમાર્ગીય થાળ-પ્રસાદ પ્રણાલિ પર આધારિત પરંપરાગત ભોજનાલયનો સમાવેશ થશે.

આ પવિત્ર પહેલને પૂજ્ય વિશાલબાવા સાહેબની દિવ્ય પ્રેરણા તથા અનંત અંબાણીના સમર્પિત પ્રયાસોથી વેગ મળ્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ નાથદ્વારા પધારતા દરેક ભક્તને સેવા અને ભક્તિનાં મૂલ્યો જાળવતી સંયોજિત, કરુણાસભર અને માનસભર સેવા પ્રાપ્ત કરવાનો છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૫૦ કરોડથી વધુ છે અને તે આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

આજે મુકેશ અંબાણીએ નાથદ્વારામાં શ્રીનાથજી ભગવાનના દર્શન કરી ચિરંજીવી વિશાલબાવા સાહેબને વિનંતી કરી હતી કે, સમગ્ર પ્રોજેક્ટ દરમ્યાન પુષ્ટિમાર્ગની પવિત્રતા અને ગૌરવ સર્વોપરી રહે તે સુનિશ્ચિત કરાય. તેમણે જણાવ્યું હતું કે, ''આપણને વૈષ્ણવ હોવાનું ગૌરવ હોવું જોઈએ — જે સનાતન હિંદુ ધર્મ અને આચાર્ય પરંપરાનું અનુસરણ કરે છે.'' આ સમયે વિશાલબાવા સાહેબે પણ અનંત અંબાણીની દીર્ઘદષ્ટિપૂર્ણ પહેલ, વનતારાની પ્રશંસા કરતાં તેને અદ્ભુત, અનન્ય અને વિશ્વભરમાં પ્રશંસા પામેલા સર્જન તરીકે વર્ણવ્યું હતું. ભગવાન શ્રીનાથજીની દિવ્ય કૃપા અને તિલકાયત પરિવારના પવિત્ર માર્ગદર્શન હેઠળ ''યાત્રી એવં વરિષ્ઠ સેવા સદન'' ભક્તિમાર્ગના તેજસ્વી પ્રતિક તરીકે ઉભરી આવશે — જે નાથદ્વારામાં કરુણા અને સેવાના શાશ્વત મૂલ્યોને સમર્પિત એક દ્રષ્ટિવંત સીમાસ્તંભ સાબિત થશે.

# જાપાનમાં ૬.૮ની તીવ્રતાનો મોટો ભૂકંપ, સુનામીનું એલર્ટ

ટોકિયો

જાપાનના પૂર્વ કિનારા પર રવિવારે (નવમી નવેમ્બર)ના રોજ ૬.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના પગલે જાપાન હવામાન એજન્સી (JMA) દ્વારા તાત્કાલિક સુનામીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઈવાતે પ્રાંતના યમાદા શહેરથી ૧૨૬ કિલોમીટર પૂર્વમાં માત્ર ૧૦ કિલોમીટરની છીછરી ઊંડાઈએ નોંધાયું હતું. અહેવાલો અનુસાર, સ્થાનિક સમય મુજબ સાંજે આશરે ૫:૦૩ વાગ્યે આ ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ઉત્તર પેસિફિક મહાસાગરમાં ઈવાતે પ્રાંત નજીક હતું. ભૂકંપ એટલો ભયંકર હતો કે આસપાસના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોરદાર ધ્રુજારી અનુભવાઈ હતી. મિયાકો અને યમાડા જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં લગભગ ૧ મીટર ઊંચા મોજાં આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી, જેના કારણે ચેતવણી જાહેર કરીને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે જણાવાયું હતું. જો કે,સદનસીબે, તાત્કાલિક કોઈ મોટું નુકસાન થયું નથી. અત્યાર સુધીમાં કોઈ મૃત્યુ કે ઈજાના અહેવાલ મળ્યા નથી. જાપાન વિશ્વના સૌથી વધુ સક્રિય ભૂકંપીય ક્ષેત્રમાં સ્થિત છે, જેને 'રિંગ ઓફ ફાયર' તરીકે ઓળખવામાં આવે છે. આ વિસ્તારમાં ભૂકંપ આવવા સામાન્ય છે. આ પ્રદેશમાં પેસિફિક પ્લેટ (ટેક્ટોનિક પ્લેટ) ઓખોત્સ્ક પ્લેટની નીચે ધસી રહી છે. પ્લેટો વચ્ચે અચાનક ઘર્ષણ થવાથી ઉર્જા મુક્ત થાય છે અને ભૂકંપ આવે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ વિસ્તાર ખૂબ જ સક્રિય હોવાથી અહીં મોટા ભૂકંપનું જોખમ હંમેશા રહે છે. જોકે, ભૂકંપની ચોક્કસ તારીખ અને સમય નક્કી કરવો મુશ્કેલ છે. જાપાન જેવા દેશમાં, જ્યાં ભૂકંપની શક્યતા વધારે છે, ત્યાં સરકાર દ્વારા કરવામાં આવેલી ઉત્તમ પૂર્વ-તૈયારીઓ જાનમાલના નુકસાનને ન્યૂનતમ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## તંત્રીની કલમે................

# દિલ્હીનું પ્રદૂષણ સત્તાધીશોની અગ્નિ પરીક્ષા: હજુ ઉકેલ શોધવામાં નિષ્ફળ

*દિલ્હીના પર્યાવરણનો મુદ્દો કેન્દ્ર સરકારે પોતાના હાથમાં લઈ લેવાની જરૂર છે. દિલ્હીમાં ભાજપની સરકારને કેન્દ્રનો ટેકો હોવા છતાં પર્યાવરણનો મુદ્દો રાક્ષસી બની ગયો છે. અરવિંદ કેજરીવાલના પક્ષે દિલ્હીમાં ભાજપ સરકારને પર્યાવરણની સમસ્યા તાસક પર ભેટ આપી હોય એમ લાગી રહ્યું છે. બળતું ઘર કૃષ્ણાર્પણ જેવો ઘાટ ભાજપ માટે થયો છે. પ્રદૂષિત યમુના, વાયુ પ્રદૂષણ જેવા સળગતા મુદ્દા દિલ્હીની ભાજપની સરકારના ગળે વીંટળાઈ ગયા છે.*

*દિલ્હીના વાયુ પ્રદૂષણનો મુદ્દો હવે દેશભરમાં ચર્ચાઈ રહ્યો છે. ઉકેલ શક્ય છે પરંતુ તે માટે લાંબો સમય લાગશે. જોકે વાયુ પ્રદૂષણનો મુદ્દો લાખો દિલ્હીવાસીઓના આરોગ્યને જોખમમાં મુકી રહ્યો છે. હવે ઠંડી વધશે એટલે વાયુ પ્રદૂષણ ખલનાયક બનીને પ્રભાવી બનશે તે હકીકત છે.*

*વાયુ પ્રદૂષણ રોકવું આસાન નથી હોતું, કેમ કે વાહનોની વધેલી સંખ્યા, લોકોની અવરજવરમાં થયેલો વધારો, વાહનોમાં-ઓફિસોમાં ચાલતાં એસી, બાંધકામોને કારણે ઉડતી ધૂળ, ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર વગેરે પ્રદૂષણમાં વધારો કરી રહ્યા છે.*

*દિલ્હીની પ્રજાનો ટેકો રાજ્ય સરકાર માગે છે, પરંતુ સરકાર પોતે વાહનોનો ઓછો ઉપયોગ કરીને કે ઈલેક્ટ્રિક વાહનોનો વપરાશ વધે તેવા કોઈ પગલાં લેતું નથી. દિલ્હીના વાયુ પ્રદૂષણની સમસ્યા આજકાલની નથી, પરંતુ છેલ્લા ૮-૧૦ વર્ષમાં તે વધુ તીવ્ર બની છે.*

*આધુનિક દવાઓ લોકોને લાંબુ અને સ્વસ્થ જીવન આપી રહી છે, પરંતુ વાયુ પ્રદૂષણ જીવનનાં વર્ષો છીનવી રહ્યું છે. દિલ્હીના વાયુ પ્રદૂષણના કારણે ત્યાંની જનતાના જીવનના ૮ વર્ષ કપાઈ રહ્યાં છે. એક અભ્યાસ અનુસાર, ભારતમાં પ્રદૂષણના કારણે લોકોની ઉંમરમાંથી સાડાત્રણ વર્ષ કપાઈ જાય છે, જ્યારે દિલ્હીવાસીઓના જીવનરેખામાંથી ૮ વર્ષ કપાઈ જવાનાં છે.*

*વાયુ પ્રદૂષણ બાળકો માટે વિશેષ જોખમી હોય છે, કેમ કે શરીરના વજનના પ્રમાણમાં તેઓ વધુ હવા શ્વાસમાં લેતા હોય છે.પ્રદૂષિત હવા તેમના શરીરતંત્રના જુદા જુદા હિસ્સાઓ પર ગંભીર નકારાત્મક અસર કરે છે.*

*છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન દિલ્હીની હવા વધુ પ્રદૂષિત થઈ છે. દિવાળી વખતે સુપ્રીમ કોર્ટે ગ્રીન ક્રેકર તરીકે ઓળખાતા ફટાકડા ફોડવાની છૂટ આપ્યા બાદ બીજા દિવસે સવારે દિલ્હીના લોકોએ નોંધ્યું હતું કે સવારે ધૂમ્મસની માત્રા વધી ગઈ હતી.*

*ઉત્તર ભારતમાં સામાન્ય રીતે ઠંડીનું પ્રમાણ વધુ હોય છે અને ધૂમ્મસ પણ વધુ જોવા મળે છે. શિયાળા દરમ્યાન પાડોશી રાજ્યોમાં કૃષિ ઉત્પાદનોનો કચરો બાળવા જેવા મુદ્દાને કારણે પ્રદૂષણની માત્રામાં વધારો થાય છે. પંજાબ અને હરિયાણાના કિસાનોને સમજાવવાના પ્રયાસો ફલોપ ગયા હતા.*

*વાયુ પ્રદૂષણમાં થયેલા વધારા માટે જવાબદાર ઉદ્યોગો દ્વારા ફેલાતી ગંદકી પર નિયંત્રણ રાખી શકાતું નથી.*

*વાયુ પ્રદૂષણનો મામલો રાજ્ય પર છોડી શકાય નહીં. દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડકેસ(**AQI**) ગયા મંગળ-બધુવાર દિવસમાં થોડો સુધર્યો હતો, પરંતુ ગુરૂવારે સવારથી તે જોખમી બની ગયો હતો. શુક્રવારે તો પરિસ્થિતિ ઔર વણસી હતી. સ્થાનિક લોકો હવાના પ્રદૂષણની રોજીંદી સમસ્યાથી ટેવાઈ ગયા હોય એમ લાગે છે, પરંતુ બહારથી આવનારા લોકો રાજધાનીમાં ગંગળામણનો અનુભવ કરે છે અને વહેલી તકે શહેર છોડી દે છે.*


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક – યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

**"વિશ્વ સમાચાર"**

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


# અપહરણ અને મારામારીના કેસમાં બે આરોપીઓની આગોતરા અદાલતે ફગાવી

છોટાઉદેપુર,

યુવકનું રિક્ષામાં અપહરણ કરી માર મારવાના કેસમાં આરોપી વિપુલ રાઠવા અને પ્રેમ રાજપુતે અદાલતમાં આગોતરા જામીન માગ્યા હતા. ૮માં એડિ. સેશન્સ જજ ડી.કે.સોનીએ પુરાવા સાથે ચેડાની શક્યતા જણાતા બંનેની જામીન અરજી ફગાવી હતી.

છોટાઉદેપુરનો માહિરકુમાર રાઠવા ગઈ તા.૧૨ ઓકટોબરના રોજ મિત્રો સાથે અનગઢ દર્શન કરી પરત જઈ રહ્યો હતો. તે વખતે નૂતન શાળાની નજીકથી બાઈક અને રીક્ષામાં ધસી આવેલ રવીન્દ્ર રાઠવા, સન્ની યાદવ સહિતના ૬ શખ્સોએ માહિરનું રિક્ષામાં અપહરણ કર્યું હતું. અને સમા કેનાલ વટાવીને અવાવરું જગ્યા ઉપર લઈ જઈને સુનિલ બારીયાએ માહીરને "તે મારો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો તને વિડીયો મુકવાનો બહુ શોખ છે આજે તારો વિડીયો બનાવવાનો છે" કહી લાકડાના દંડા, પટ્ટા અને ધોકા વડે ઢોર માર મારી ઈજાઓ પહોંચાડી હતી. ફરિયાદના આધારે સમા પોલીસે રવિન્દ્ર શૈલેષ રાઠવા (રહે-સમા નવીનગરી ), સની હરિશ્ચંદ્ર યાદવ (રહે-ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, અભિલાષા ચોકડી), સુનિલ બારીયા અને વિપુલ રાઠવા સહિતના શખ્સો સામે ગુનો નોંધી સન્ની યાદવ તથા રવિન્દ્ર રાઠવાની ધરપકડ કરી હતી.

દરમિયાન આ ગુનામાં સંડોવાયેલ વિપુલ દીપકભાઈ રાઠવા (રહે સહેલી પાર્ક, ન્યુ સમા રોડ, મૂળ રહે-છોટાઉદેપુર) અને પ્રેમ અર્જુનભાઈ રાજપુત (રહે-ઊર્મિ હોસ્ટેલ પાસે, સમા) એ પોલીસની ધરપકડથી બચવા અત્રેની કોર્ટમાં આગોતરા જામીન અરજ ગુજારી હતી. જેની ૮માં એડિ. સેશન્સ જજ ડી.કે.સોનીની કોર્ટમાં સુનાવણી હાથ ધરાતા સરકાર તરફે એ.પી.પી. ડી.જે.નાળિયેરવાળાની દલીલો થઈ હતી કે, આરોપીઓની ઓળખ પરેડ બાકી છે.

તપાસ અમલદારના સોગંદનામુ ધ્યાને લેતા આરોપીઓની ગુનામાં પ્રત્યક્ષ સંડોવણી છે. આરોપીઓ અપહરણમાં સાથે હતો અને ફરિયાદીને ધોકા વડે માર માર્યો હતો. આરોપી વિપુલ રાઠવા સામે અન્ય ૨૦ ગુનાઓ નોંધાયા છે. આરોપીને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડા થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# પોરબંદરમાં ૩૦ જેટલા લોકો પર મધમાખીએ હુમલો કર્યો

પોરબંદર,

પોરબંદરમાં ૩૦ જેટલા લોકો પર મધમાખીએ હુમલો કર્યો હતો અને મધમાખીઓના હુમલાને પગલે નાસભાગ મચી હતી, હુમલાથી નાસભાગના સીસીટીવી સામે આવ્યા હતા અને હુમલામાં ઈજાગ્રસ્ત લોકોને હોસ્પિટલ ખસેડાયા છે, સ્થાનિકોનું કહેવું છે કે, મોટી માત્રામાં મધપૂડા છે અને આ રોડ પરથી આવન-જાવનમાં બહુ તકલીફ પડી રહી છે.

પોરબંદર શહેરમાં મધમાખીઓના ઝુંડ દ્વારા અનેક રાહદારીઓ તથા વાહનચાલકો પર હુમલો કરવામાં આવ્યો છે, મધમાખીઓ ડંખ મારવાનો બનાવ સામે આવ્યો છે. શહેરના માધવાણી કોલેજથી એકતા ગ્રીનસિટી તરફ જતા રસ્તા પર મધમાખીઓ દ્વારા સવારે ૯ વાગ્યાથી સાંજ સુધીમાં અંદાજે ૩૦ જેટલા લોકો પર ઓચિંતો હુમલો થયાની ચર્ચા છે. રસ્તા પર આ રીતે ઓચિંતા મધમાખીઓના ઝુંડના હુમલાથી લોકોમાં નાસભાગના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે ડંખ લાગવાના કારણે અનેક લોકોને દુખાઓ થતાં ૧૦૮ મારફત સરકારી ભાવસિંહજી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી. હજુ પણ ક્યારેક મધમાખીઓ હુમલો કરતી હોવાથી આ રસ્તા પર કર્ફ્યૂ સમાન માહોલ જોવા મળી રહ્યો છે.

મધમાખી હોય કે અન્ય જંતુઓ, તેમાંના મોટાભાગના પોતાને બચાવવા માટે ડંખ મારતા નથી કે કરડતા નથી. તેમને પોતાના ખોરાક માટે લોહીની જરૂર હોય છે. આ કારણે તેઓ કરડે છે અને લોહી ચૂસે છે, મધમાખીનાં ડંખથી ગંભીર એલર્જીક પ્રતિક્રિયા જીવન માટે જોખમી બની શકે છે. આ ગંભીર એલર્જીક પ્રતિક્રિયાને તબીબી ભાષામાં 'એનાફિલેક્સિસ' કહેવામાં આવે છે. આ સ્થિતિમાં તાત્કાલિક સારવાર જરૂરી છે. જો ઝડપથી સારવાર ન કરવામાં આવે તો મૃત્યુ પણ થઈ શકે છે. ભમરી અથવા મધમાખીના ડંખથી પણ ક્યારેક લો બ્લડ પ્રેશરની ફરિયાદ થઈ શકે છે.

# પાટણમાં BJPમાં આંતરિક વિખવાદની ઘટના સામે આવી

પાટણ,

પાટણમાં **BJP**માં આંતરિક વિખવાદની ઘટના સામે આવી છે. જેમાં પાટણમાં પાલિકા પ્રમુખે પોતાના પક્ષ ભાજપના ૬ કોર્પોરેટરને વિકાસ વિરોધી ગણાવીને તેમની સામે કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે.

ભાજપના મહિલા પ્રમુખે આક્ષેપ કર્યા છે કે, 'પક્ષના ૬ નગરસેવકો વિકાસના કામમાં અડચણરૂપ થાય છે અને કોંગ્રેસના સભ્યો સાથે મળીને વિકાસના કામોને બહુમતિથી નામંજૂર કરાવે છે. જાહેર જનતાના હીતના કાર્યમાં પક્ષના લોકો રોડા નાંખે છે.'

મળતી માહિતી મુજબ, પાટણ નગરપાલિકાના ભાજપ પ્રમુખ હિરલ પરમારે પોતાના જ પક્ષના ૬ સભ્યો સામે ગંભીર આરોપો લગાવ્યા હોવાનું સામે આવ્યું છે.

વિકાસના કાર્યમાં પક્ષના લોકો વિક્ષેપ બની રહ્યા હોવા મામલે પ્રમુખે મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે અને યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે.

હિરલ પરમારે આક્ષેપ કર્યા છે કે, 'વર્ષ ૨૦૨૦થી મે પ્રમુખ પદ સંભાળ્યું ત્યારથી પક્ષના ૬ નગરસેવકો પ્રજાલક્ષી વિકાસના કામોમાં અડચણરૂપ બનતા આવ્યા છે. જેમાં શૈલેષ પટેલ, મનોજ ખોડીદાસ પટેલ, મુકેશ પટેલ, મનોજ નગરભાઈ પટેલ, ડૉ. નરેશ દવે અને બીપીન પરમારનો સમાવેશ થાય છે.' પ્રમુખે પક્ષના સભ્ય સામે આક્ષેપ કરવાની સાથે મુખ્યમંત્રીને જરૂરી પુરાવા પણ મોકલ્યા હોવાનું સામે આવ્યું છે.

મહિલા પ્રમુખે જણાવ્યું કે, 'ગત ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પ્રજાલક્ષી વિકાસની કામગીરીમાં આ સભ્યોએ કોંગ્રેસના ૫ સભ્યોની મદદથી બહુમતિ સાથે નામંજૂર કર્યા હતા. પક્ષના સભ્યો રોડ-રસ્તા સહિતના વિકાસના કામોને મુલતવી કે નામંજૂર કરાવીને અવરોધરૂપ બને છે.'

### માતોશ્રી પરિસરમાં ડ્રોન ઉડવાથી ગભરાટ ફેલાયો

# ઠાકરે પરિવારના ઘર પર ડ્રોન ઉડતા મચ્યો હડકંપ

## ઠાકરે જૂથે જાસૂસીનો આરોપ લગાવ્યો, જ્યારે મુંબઈ પોલીસે કહ્યું કે તે MMRDAના સર્વે ડ્રોનનો ભાગ હતો

મુંબઈ

શનિવારે (૮ નવેમ્બર) મુંબઈના બાંદ્રા વિસ્તારમાં ઠાકરે પરિવારના નિવાસસ્થાન માતોશ્રીની બહાર એક અજાણ્યું ડ્રોન ઉડતું જોવા મળ્યું. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ આ વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ઉચ્ચ સુરક્ષા ઝોન ગણાતા આ વિસ્તારમાં ડ્રોનની હાજરીથી સુરક્ષા એજન્સીઓ અને ઠાકરે જૂથ બંને સતર્ક થઈ ગયા છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, માતોશ્રી અને MMRDA ઓફિસ વચ્ચેના રસ્તા પર થોડા સમય માટે ડ્રોન ફરતું જોવા મળ્યું હતું. માતોશ્રી ખાતે તૈનાત સુરક્ષા કર્મચારીઓએ ડ્રોનને જોતા જ તેનો વીડિયો રેકોર્ડ કર્યો અને સંબંધિત સુરક્ષા અધિકારીઓને જાણ કરી.

અહેવાલ મુજબ, આ ઘટના બાદ, ઠાકરે જૂથે આરોપ લગાવ્યો હતો કે ડ્રોનનો ઉપયોગ ઉદ્ધવ ઠાકરેની મુલાકાત લેતા લોકો પર જાસૂસી કરવા માટે થઈ રહ્યો હતો. શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) નેતા અંબાદાસ દાનવેએ જણાવ્યું હતું કે માતોશ્રી સંકુલ ઉચ્ચ સુરક્ષા ઝોનમાં આવે છે. આમ છતાં, આવા ડ્રોનનું ઉડાન ખૂબ જ ગંભીર સુરક્ષા મુદ્દો છે. શું કોઈ માતોશ્રીની જાસૂસી કરી રહ્યું છે? આ આપણે જાણવાની જરૂર છે.

મુંબઈ પોલીસે પરિસ્થિતિ સ્પષ્ટ કરતા એક નિવેદન બહાર પાડ્યું. તેમણે જણાવ્યું હતું કે BKC અને ખેરવાડી વિસ્તારોમાં સ્સ્ઈહ્છ દ્વારા પરવાનગી આપવામાં આવેલ ડ્રોન સર્વે ચાલી રહ્યો છે. કૃપા કરીને કોઈપણ ખોટી માહિતી ફેલાવવાનું ટાળો. પોલીસે એમ પણ કહ્યું હતું કે ડ્રોન સંભવતઃ તે સર્વેનો ભાગ હતો અને ખાનગી દેખરેખનો કેસ નથી. જોકે, ઠાકરે જૂથ આ સમજૂતીથી સંતુષ્ટ જણાતું નથી. તેમનું કહેવું છે કે ડ્રોન સર્વેની પરવાનગી છે કે નહીં, માતોશ્રીની ઉપર અથવા તેની આસપાસ આવા ઉપકરણો ઉડાવવા પર સખત પ્રતિબંધ હોવો જોઈએ.

નોંધનીય છે કે ડ્રોન નીતિ અનુસાર, મુંબઈના ઘણા વિસ્તારો, ખાસ કરીને VIP અને સરકારી રહેણાંક વિસ્તારો, રેડ ઝોનમાં આવે છે, જ્યાં ખાસ પરવાનગી વિના ડ્રોન ઉડાવવા પર સખત પ્રતિબંધ છે. આ ઘટના બાદ, માતોશ્રીની આસપાસ સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે. સ્થાનિક પોલીસે ડ્રોન ક્યાં અને કયા હેતુ માટે ઉડાડવામાં આવ્યું હતું તે નક્કી કરવા માટે નજીકના વિસ્તારોમાંથી ઝઝ્ફ ફૂટેજની પણ તપાસ શરૂ કરી દીધી છે. સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત ખતરા અથવા જાસૂસીની શક્યતાને નકારી રહી નથી.

### CCTVથી સમગ્ર પ્રક્રિયા પર નજર

# ગુજરાતમાં મગફળી સહિતના પાકની ટેકાના ભાવે ખરીદી શરૂ

## ધાનેરામાં રોજના ૪૦૦ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદાશે મગફળી : અમરેલી જિલ્લામાં ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

ગાંધીનગર

ગુજરાતના ૨૨ જિલ્લાના ૩૦૦થી વધુ ખરીદ કેન્દ્ર પર મગફળી, મગ, અડદ, સોયાબીન સહિતના પાકોની ટેકાના ભાવે ખરીદી આજે રવિવાર(૯ નવેમ્બર)થી શરૂ કરવામાં આવી છે, ત્યારે સમગ્ર પ્રક્રિયા પર CCTV દ્વારા નજર રખાશે. આશરે ૧૫૦૦૦ કરોડથી વધુ મુલ્યની ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવાનો સરકારનો લક્ષ્યાંક છે. તેવામાં ખરીદી પ્રક્રિયા અંતર્ગત મગફળી માટે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૭,૨૬૩, અડદ પ્રતિ ક્વિન્ટલે રૂ.૭,૮૦૦ અને સોયાબીન પ્રતિ ક્વિન્ટલ રૂ. ૫,૩૨૮ના ભાવ નિર્ધારિત કરાયા છે. ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટર્ડ ખેડૂતોને SMS દ્વારા જાણ કરીને બોલાવામાં આવ્યા છે. ગુજરાતમાં માવઠાના કારણે સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વધુ અસર પહોંચી છે. જેમાં અમરેલી જિલ્લા સહિતના વિસ્તારોમાં અતિભારે કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો મોટાભાગના પાકને ભારે નાકસાની થઈ હતી.

અમરેલીના રાજુલા, સાવરકુંડલા, બગસરા, બાબરા, સહિત માર્કેટિંગ યાર્ડમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાઈ છે. જેમાં બગસરા તાલુકામાં ૫૪૦૭ થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ટેકાના ભાવે મગફળી ૧૪૫૨ રૂપિયાથી ખરીદી કરવાની શરૂ થઈ છે. બનાસકાંઠાના ધાનેરા ખરીદ વેચાણ સંઘે ટેકાના ભાવે મગફળીની ખરીદીની શરૂઆત કરી છે. જે આગામી ૭૦ દિવસ સુધી ચાલશે. જેમાં રોજના ૪૦૦ જેટલાં ખેડૂતો પાસેથી ટેકાના બાવે મગફળી ખરીદાશે. તમને જણાવી દઈએ કે, ધાનેરામાં ૨૦,૭૧૪ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ૨૫૦૦ કિલો હેક્ટર દીઠ રૂપિયા ૧૪૫૨ના ટેકાના ભાવથી મગફળી ખરીદાશે. આ સાથે વાવ અને થરાદ માર્કેટ યાર્ડમાં પણ મગફળીની ખરીદી શરૂ થઈ છે. સૌરાષ્ટ્ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ થયો છે. આજે જૂનાગઢ જિલ્લાના કુલ ૪૨ કેન્દ્રો પૈકી ૧૭ કેન્દ્રો પર મગફળી અને સોયાબીનની ખરીદી શરૂ થઈ છે. જિલ્લામાં ૧.૧૫ લાખથી વધુ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં કેશોદના ૨૦,૦૩૪ ખેડૂતોનો સમાવેશ થાય છે. જ્યારે રાજકોટમાં ૯.૩૦ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે ખરીદી માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં જિલ્લાના ૧૧ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# હુગલીના તારકેશ્વરમાં ચાર વર્ષની બાળકી પર થયેલી ક્રૂરતા

હુગલી

પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના તારકેશ્વર વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે (૭ નવેમ્બર, ૨૦૨૫) ચાર વર્ષની બાળકી પર બળાત્કાર થયો હતો. આ ક્રૂર જાતીય હુમલાએ સમગ્ર રાજ્યને હચમચાવી નાખ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતા તેની દાદી સાથે રેલ્વે શેડ નીચે મચ્છરદાની નીચે સૂતી હતી ત્યારે એક અજાણ્યા વ્યક્તિએ જાળી કાપીને તેનું અપહરણ કર્યું. બંજારા સમુદાયના પરિવારે જણાવ્યું હતું કે વહીવટીતંત્ર દ્વારા તેમના ઘરને તોડી પાડવામાં આવ્યા બાદ તેઓ અસ્થાયી રૂપે રેલ્વે શેડમાં રહેતા હતા. બીજા દિવસે બપોરે, તારકેશ્વર રેલ્વે હાઇ ડ્રેઈન પાસે છોકરી નગ્ન અને લોહીથી લથપથ મળી આવી હતી. છોકરીની દાદીએ ફાટેલી મચ્છરદાની તરફ ઈશારો કરતા કહ્યું, "તે મારી બાજુમાં સૂતી હતી. સવારે લગભગ ૪ વાગ્યે કોઈ તેને લઈ ગયું. મને ખ્યાલ પણ ન આવ્યો. તેઓ મચ્છરદાની કાપીને લઈ ગયા. જ્યારે મને તે મળી ત્યારે તે નગ્ન હતી." ઘટના બાદ, પીડિતાને તારકેશ્વર ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

### ૯ આરોપીમાંથી ૪ની ધરપકડ

# હળવદમાં સરકારી જમીન હડપવાનું કૌભાંડ સામે આવ્યું

## મોરબીના હળવદ પંથકમાં આવેલા ૩ ગામડાઓમાં સરકારી જમીન પચાવી પાડવાનું કૌંભાડ સામે આવ્યું

હળવદ

ગુજરાતમાં દિવસે દિવસે નવા-નવા કૌભાંડ સામે આવતા હોય છે. ત્યારે મોરબીના હળવદમાં નકલી સ્ટેમ્પ, દસ્તાવેજોને આધારે સરકારી જમીન હડપ કરવાનું કૌભાંડ ઝડપાયું છે. હળવદ પંથકમાં આવેલા ૩ ગામડાઓમાં સરકારી જમીન પચાવી પાડવાનું કૌંભાડ સામે આવ્યું છે. કૌભાંડની સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરતાં પોલીસે ૪ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તેમજ ૪ આરોપીની રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે. નકલી સ્ટેમ્પ અને દસ્તાવેજોના આધારે આરોપીઓએ કૌંભાડ હાથ ધર્યું હતું.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર આરોપીઓએ કોયબા, ઘનશ્યામપુર, સુંદરીભવાની ગામે સરકારી જમીન પચાવી પાડી હતી. કુલ ૩૪૪ વીઘાની ત્રણ સરકારી જમીન પડાવી આરોપીઓએ પોતાના નામે કરી હતી. સમગ્ર ઘટનાની જાણ થતા હળવદ મામલતદારે હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

જમીન કૌભાંડના કેસમાં બે મહિલા સહિત નવ ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે. જેમાંથી ૪ આરોપી હાલ પોલીસના સકંજામાં છે. ખોટા રબ્બર સ્ટેમ્પ અને અધિકારીઓની નકલી સહીઓ વાળા દસ્તાવેજોને આધારે કૌભાંડ પાર આચરવામાં આવ્યું છે.

### આજે જૂનાગઢનો મુક્તિ દિવસ

# મુખ્યમંત્રીએ સરદાર @૧૫૦ યુનિટી માર્ચ પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આરઝી હકુમતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું શાલ ઓઢાડી કર્યું સન્માન

જૂનાગઢ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોહપુરુષ અને દેશના મહાન ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અને જૂનાગઢના મુક્તિ દિવસના અવસરે સરદાર @150 યુનિટી માર્ચ પદયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ સ્થિત આરઝી હકુમત દ્વારા મળેલી મુક્તિના સ્મરણ સ્મૃતિ સ્મારક ખાતે સ્વાતંત્ર્યવીરોને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ પદયાત્રામાં જોડાનારા હજારો નાગરિકોને સંબોધીને રાજ્યવ્યાપી યુનિટી માર્ચના પ્રથમ ચરણનો પ્રારંભ કરાવ્યો હતો. આ રેલીના પ્રસ્થાન પૂર્વે મુખ્યમંત્રી એ આરઝી હકુમતનો ઈતિહાસ દર્શાવતી ફોટો પ્રદર્શની પણ નિહાળી હતી.

મુખ્યમંત્રીએ આરઝી હકુમતના ઈતિહાસનું સ્મરણ કરતાં જણાવ્યું કે, ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટના રોજ દેશ આઝાદ થયો હતો પરંતુ જૂનાગઢના નવાબની લોકમત વિરૂદ્ધની નીતિના કારણે ૮૬ દિવસના સંગ્રામ બાદ નવમી નવેમ્બરે ઉપરકોટમાં ભારતનો તિરંગો લહેરાવવા સાથે જૂનાગઢ વાસ્તવમાં આઝાદ થયું હતું અને તે રીતે તા. ૯ નવેમ્બરને 'જૂનાગઢ મુક્તિ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આરઝી હકુમત દ્વારા જૂનાગઢને મુક્તિ અપાયા બાદ તા.૧૩ નવેમ્બરના રોજ આ જ બહાઉદ્દીન કોલેજના મેદાનમાં સરદાર વલ્લભભાઈ પટેલે સભા કરીને જૂનાગઢવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા તેનું પણ સ્મરણ મુખ્યમંત્રી એ કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ દેશી રજવાડાઓનું વિલિનીકરણ કરીને એક અને અખંડ ભારત બનાવ્યું હતું.

મુખ્યમંત્રી એ સૌ સોરઠવાસીઓએ જૂનાગઢ મુક્તિ દિવસની શુભકામનાઓ પાઠવી વિકસિત ભારતના નિર્માણ માટે એક અને નેક બની સહભાગી બનવા આહ્વાન કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીએ જૂનાગઢની આઝાદીની ચળવળમાં મહત્વનું યોગદાન આપનારા આરઝી હૂકુમતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ ઉપરાંત જૂનાગઢની નાગરિક સેવાઓના પ્રોજેક્ટ માટે જૂનાગઢના સાધુ-સંતોએ રૂ.૫૧ લાખનો ચેક મુખ્યમંત્રી ને અર્પણ કર્યો હતો. નાગરિક સેવાઓમાં જનભાગીદારીની આ પહેલને સૌએ સહર્ષ વધાવી આભારની લાગણી પ્રગટ કરી હતી.

જૂનાગઢની આ પદયાત્રા હજારો નાગરિકોની ઉપસ્થિતિ અને રાષ્ટ્રીય એકતાના ભાવ સાથે યાદગાર બની હતી. મુખ્યમંત્રી પણ બહાઉદીન કોલેજથી પદયાત્રામાં જોડાઈને યાત્રાના રૂટ પર વિવિધ સમાજ સંસ્થાઓના સાંસ્કૃતિક પ્લેટફોર્મ પર સૌનું અભિવાદન કર્યું હતું.

સમગ્ર રૂટ પર ૧૯ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા અને તેમાં જુનાગઢનો ઈતિહાસ સાંસ્કૃતિક વારસો સહિત વિવિધ કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્રએ સમગ્ર રૂટ ઉપર ટ્રાફિક વ્યવસ્થા અને સંકલન કરી આ વિશાળ પદયાત્રાને સફળ બનાવી હતી.

# વ્યાજખોરોના આતંકમાં તલાટી મંત્રીના પુત્રના હાથ-પગ ભાંગ્યા

રાજકોટ,

રાજકોટમાં વ્યાજખોરોનો આતંક ચરમસીમાએ પહોંચ્યો હોવાના ગંભીર કિસ્સામાં એક પરિવાર વ્યાજખોરોના ત્રાસથી હેરાન-પરેશાન થઈ ગયો છે. વ્યાજખોરોએ કરેલા અત્યાચારના કારણે પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી છે અને જો ન્યાય નહીં મળે તો આખા પરિવારે આત્મહત્યા કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે. ફરિયાદ મુજબ, તલાટી મંત્રી દિલીપ વીરડાનો પરિવાર વ્યાજખોરોના આતંકનો ભોગ બન્યો છે. પરિવારે વ્યાજે ૧ કરોડ લીધા હતા. વ્યાજખોર ભાવેશ મકવાણાએ આ રકમના વ્યાજ પેટે ૧૦ કરોડની માગણી કરીને ત્રાસ ગુજાર્યો છે. વ્યાજખોરોએ યુવકના હાથ-પગ ભાંગી નાખ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. વ્યાજખોરોના સતત ત્રાસ અને ઉઘરાણીના કારણે પરિવારની સ્થિતિ અત્યંત ગંભીર બની છે. ફરિયાદીએ જણાવ્યું કે, વ્યાજખોરો ઘરે આવીને ઉઘરાણી કરે છે અને ધમકી આપે છે. તેમનો બીજો પુત્ર, વિશાલ વીરડા, જેણે વ્યાજે રકમ લીધી હતી, તે વ્યાજખોરોની ધમકીના કારણે છેલ્લા આઠ દિવસથી ગુમ છે. પરિવારે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો તેમને વહેલી તકે વ્યાજખોરોના આતંકમાંથી મુક્તિ નહીં મળે અને ન્યાય નહીં મળે, તો તેઓ આખું ઘર આત્મહત્યા કરી લેશે. આ મામલે પરિવારે વ્યાજખોરો વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન અને મેટોડા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુમ થયેલા પુત્રને શોધવા અને વ્યાજખોર ભાવેશ મકવાણા અને તેના સાગરીતો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફિઝિક્સમાં ઓછા માર્ક્સ આવતા ISROમાં જવાના ખ્વાબ ચકનાચૂર થયા

સુરત

સુરત શહેરના સચિન તેલનપુર વિસ્તારમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ ફિઝિક્સ વિષયના પેપરમાં ઓછા માર્ક્સ આવતા આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં શોક છવાઈ ગયો છે. ISRO માં વૈજ્ઞાનિક બનવાનું સપનું જોતા આ ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ માર્ક્સથી નિરાશ થઈ ઘરમાં જ ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું.

સુરત શહેરમાં સચિન તેલનપુરમાં રહેતા તનમય રાઠોડ નામના ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ હાલમાં લેવાયેલી પ્રથમ સત્રની પરીક્ષામાં ફિઝિક્સના પેપરમાં ઓછા માર્ક્સ મેળવ્યા હતા. ઈસરોમાં જવાનું સ્વપ્ન જોતા હોશિયાર તનમયને આ વાતનું માઠું લાગી આવતા તેણે ઘરમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. તનમયના પિતા હિમાંશુભાઈ જાણીતી કંપનીમાં એન્જિનિયર છે. આ ઘટનાએ પરિવારને ઊંડા શોકમાં ગરકાવ કરી દીધો છે. કારણ કે મૃતક વિદ્યાર્થીના કાકા જીતુભાઈ રાઠોડ પોતે શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓને આપઘાત ન કરવા અંગેની તાલીમ આપવાનું કાર્ય કરે છે.

# મરણ પથારીએ પડ્યો ગુજરાતનો જીનિંગ ઉદ્યોગ

મહેસાણા

ગુજરાતનો જીનિંગ ઉદ્યોગ મરણ પથારીએ હોય તેવી સ્થિતિએ આવી ગયો છે. મહેસાણાના કડી વિસ્તારમાં છેલ્લા ૨ વર્ષમાં ૧૧૫માંથી ૫૫ જીનિંગ ઉદ્યોગોને તાળા લાગ્યા છે. એક સમયે અહીંથી ૫૫ લાખ ગાંસડીઓ કોટન એક્સપોર્ટ થતું હતું. તેની સામે હવે હવે ૪૫ લાખ કોટન ઈમ્પોર્ટ થાય છે. સરકારે સત્વરે યોગ્ય નીતિ લાવે તેવી આશા ઉદ્યોગકારોએ વ્યક્ત કરી છે.

છેલ્લા બે વર્ષમાં ૧૧૫ માંથી ૫૫ જીનિંગ મિલોને તાળાં લાગ્યા છે. MSP અને ઈમ્પોર્ટ ડ્યુટીની નીતિના કારણે ગુજરાત જીનિંગ ઉદ્યોગોને અસર પડી છે. કોટનમાં ઈમ્પોર્ટ ડ્યુટી બંધ કરી હોવાથી એક્સપોર્ટ બંધ થયું છે અને ઈમ્પોર્ટ ચાલુ થયુ છે. એક સમયે ૫૫ લાખ ગાંસાડીઓ કોટન એક્સપોર્ટ થતું અને હવે ૪૫ લાખ કોટન ઈમ્પોર્ટ થાય છે. ગુજરાતમાં જીનિંગ ઉદ્યોગ હવે બંધ થવા લાગ્યો હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. કારણ કે MSP અને ઈમ્પોર્ટ ડ્યુટીની અસર હવે જીનિંગ ઉદ્યોગ ઉપર પડવા લાગ્યું છે. MSP અને ઈમ્પોર્ટ ડ્યુટી બંધ કરી હોવાથી વિદેશી કપાસ કોટન સસ્તું પડે છે અને સ્વદેશી કપાસ કોટનના ભાવ ઊંચા રહે છે. આ કારણે વિશ્વભર માં કોટન માર્કેટ તરીકે જાણીતા કડી તાલુકા વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં ૫૫ જીનિંગ મિલોને તાળાં વાગી ગયા છે. આ વિશે ગુજરાત જીનિંગ એસોસિયેશનના સેક્રેટરી શૈલેષ પટેલે જણાવ્યું કે, કડી વિસ્તારમાં ૧૧૫ જેટલી જીનિંગ મિલો ધમધમતી હતી. પણ MSP અને ઈમ્પોર્ટ ડ્યુટીની નીતિના કારણે ૧૧૫ માંથી ૫૫ જીનિંગ મિલોને તાળાં વાગી ગયા છે. બે વર્ષ પહેલાં કડીનો જીનિંગ ઉદ્યોગ ધમધમતો હતો, ત્યારે ૫૫ લાખ ગાંસડીઓ ભારતમાંથી એક્સપોર્ટ થતી હતી અને હવે MSP અને ઈમ્પોર્ટ ડ્યુટી બંધ કરી હોવાથી ૫૫ લાખ ગાંસડી એક્સપોર્ટ બંધ થયું અને તેના બદલે ૪૫ લાખ ગાંસડી કોટન ઈમ્પોર્ટ થવા લાગ્યું હોવાથી કડી કોટન માર્કેટની જીનિંગ મિલોને તાળાં લાગવા લાગ્યા અને ૫૫ જેટલી જીનિંગ મિલો બંધ પણ થઈ ગઈ છે. જો સરકાર સત્વરે યોગ્ય નીતિ નહીં લાવે તો ગુજરાત નો જીનિંગ ઉદ્યોગ ૧૦૦ ટકા બંધ થવાની શક્યતાઓ વ્યકત કરાઈ છે. ગુજરાતમાં કપાસના પાકનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થતા જીનો રાતદિવસ ધમધમતા હતા. મહેસાણા જિલ્લામાં કડી અને વિજાપુર જિલ્લામાં સૌથી વધુ કપાસના જીનો હતા, જ્યાં આંધ્ર પ્રદેશ, સૌરાષ્ટ્ર, કર્ણાટક, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાંથી ખેડૂતો કપાસ વેચવા માટે આવતા હતા. ત્યારે બે વર્ષ પહેલા ૫૫ લાખ ગાંસડીઓ ભારતમાંથી એક્સપોર્ટ થતી હતી.






PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).